# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ એનડીએ ઘટક દળના ઉમેદવાર સાંસદ ઓમ બિરલા બીજી વાર લોકસભા અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ પાઠવી શુભેચ્છા
- ✓ દિલ્હી દારૂનીતિમાં મની લૉન્ડ્રીંગ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ ન્યાયાલયના નિર્ણયને પડકારતી અરજી પરત ખેંચવાની મંજૂરી આપી
- ✓ NEET-UG પેપર લીક કેસમાં તપાસ માટે સીબીઆઈની ટીમ મહારાષ્ટ્ર પહોંચી, મહારાષ્ટ્રમાં વધુ એકની ધરપકડ..
- ✓ કેન્યામાં પ્રદર્શનકારીઓએ સંસદ ભવન પર કરેલા હુમલા બાદની પોલીસ કાર્યવાહીમાં પાંચ પ્રદર્શનકારીઓના મોત.
- ✓ ગુજરાત સહિત પશ્ચિમ અને પૂર્વોત્તર ભારતના કેટલાંક ભાગોમાં છૂટાછવાયા વરસાદની આગાહી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *LOKSABHA SPEAKER*

એનડીએ ઘટક દળોના ઉમેદવાર અને ભાજપના સાંસદ ઓમ બિરલા ફરી એકવાર લોકસભા અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. કોંગ્રેસે આ પદ માટે કે. સુરેશને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. પક્ષે અધ્યક્ષ પદની ચૂંટણી દરમિયાન મત વિભાજનની માગ કરી ન હતી. અધ્યક્ષ ચૂંટાયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂ, ઓમ બિરલાને અધ્યક્ષ સ્થાન સુધી લઈ ગયા હતા.

ઓમ બિરલાને શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે શ્રી બિરલાએ બીજીવાર ચૂંટાઈને ઇતિહાસ સર્જ્યો છે. વધુમાં તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષ સુધી તેઓ આપણું માર્ગદર્શન કરતા રહેશે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવાનિયુક્ત અધ્યક્ષને ગૃહ યોગ્ય રીતે ચલાવવામાં વિપક્ષના સહકારનું આશ્વાસન આપ્યું હતું.

તો સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે શ્રી બિરલાને શુભેચ્છા પાઠવતા આશા વ્યક્ત કરી કે નવા સત્રમાં વિપક્ષને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળશે.

## *SC-KEJRIWAL HEARING*

દિલ્હીમાં દારુનીતિમાં મની લૉન્ડ્રીંગ કૌભાંડ કેસમાં ઉચ્ચ અદાલત દ્વારા જામીન અરજી પર રોક લાગવતા નિર્ણયને પડકારતી અરજીને સર્વોચ્ચ અદાલતે પરત લેવાની મંજૂરી આપી દીધી છે. કેજરીવાલનો પક્ષ રજૂ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ ન્યાયાધીશ મનોજ મિશ્રા અને એસવી ભટ્ટીની ઉનાળુ ખંડપીઠને જણાવ્યું કે, ઉચ્ચ ન્યાયાલયના અંતિમ નિર્ણયને પડકારવા માટે તેઓ નવી અરજી દાખલ કરવા માગે છે.

20 જૂનના રોજ દિલ્હીની નીચલી અદાલતે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા, અને તેમને 1 લાખના બોન્ડ સામે જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. જોકે પ્રવર્તમાન નિદેશાલય – ઈડીએ અદાલતના નિર્ણયને ઉચ્ચ ન્યાયાલયમાં પડકાર્યો હતો.

ઉચ્ચ અદાલતે ગઈકાલે તેના આદેશમાં કહ્યું કે નીચલી અદાલતે મની લૉન્ડ્રિંગ કાયદા અંતર્ગત મુક્તિ માટેની શરતો ધ્યાને નથી લીધી, જે હેઠળ મુખ્યમંત્રી પર આરોપો મૂકાયા છે. જવાબમાં કેજરીવાલની કાનૂની ટીમ સર્વોચ્ચ અદાલત ગઈ હતી અને જામીન પરનો  સ્ટેને દૂર કરવા માટે અપીલ કરી હતી.

## *NEET _ CBI*

NEET -UG પેપર લીકની તપાસ કરી રહેલી કેન્દ્રીય તપાસ સંસ્થા – CBIની એક ટીમ મહારાષ્ટ્રના બીડ પહોંચી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ટીમે મજલગાંવ તાલુકાના કેટલાક શિક્ષકોની પૂછપરછ કરી હતી.

આ પૂર્વે મહારાષ્ટ્રની લાતુર પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી હતી. આ શખ્સનું નામ સંજય યાદવ છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ચારમાંથી બે લોકોની ધરપકડ કરાઈ છે. લાતુરના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ચાર લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ પૂર્વે 23 જૂનના રોજ લાતુર જિલ્લા પરિષદના શિક્ષક જલિલ ખાન પઠાણની ધરપકડ કરાઈ હતી.

પોલીસ તપાસ દરમિયાન સંજય યાદવ અને જલિલ ખાનના ફોનમાંથી પરીક્ષામાં બેસનારા 12 વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડ મળી આવ્યા હતા. પોલીસનું માનવું છે કે આરોપીઓ પાસે વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષામાં માર્ક્સ વધારી આપવા સામે લાખો રૂપિયાની માગ કરી હોઈ શકે.

પ્રાથમિક તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે દિલ્હીના એક શખ્શે આ આરોપીઓની મદદ કરી હતી, જેની તપાસ હાલ ચાલી રહી છે, દરમિયાન સંજય યાદવને ગઈકાલે સ્થાનિક કોર્ટમાં રજૂ કરાયો હતો, જ્યાં કોર્ટે તેને 2 જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યો હતો.

## *RBI GOVERNOR*

રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે દેશ આર્થિક વિકાસ સંદર્ભે મહત્વપૂર્ણ માળખાકીય ફેરફારોમાંથી પસાર થવા જઈ રહ્યો છે, અને 8 ટકા વિકાસ દર હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

ગઈકાલે બોમ્બે વેપાર અને ઉદ્યોગ સંઘની 108મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધિત કરતા તેમણે કહ્યું કે ભારતની વિકાસ ગાથામાં વિવિધ ક્ષેત્રો અને વિવિધ માળખાગત સુધારાઓનો ફાળો છે, વસ્તુ અને સેવા કર તેમાં સર્વોપરી છે. શક્તિકાંત દાસે કહ્યું છે કે અન્ય દેશોની સરખામણીએ ભારતમાં જીએસટી અત્યંત ઝડપથી સ્થાપિત થયો. વધુમાં તેમણે ઉમેર્યું કે માસિક જીએસટી સંગ્રહ એક લાખ, 70 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છેં, અને તેનાથી વેપાર વધુ સરળ બન્યો છે.

## *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો  એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

## *KENYA PROTEST*

કેન્યામાં વિરોધ પ્રદર્શનકારીઓએ સંસદ ભવન પર કરેલા હુમલા બાદની પોલીસ કાર્યવાહીમાં પાંચ પ્રદર્શનકારીઓના મોત થયા છે. સંસદ દ્વારા નાણાકીય ખરડો પસાર કર્યા બાદ કેન્યાની સરકાર સામે દેખાવો શરૂ થયા હતા. દરમિયાન કેટલાક પ્રદર્શનકારીઓએ સંસદના એક ભાગને આગ ચાંપી દીધી હતી. આ ખરડા દ્વારા સરકારે કર વેરામાં વધારો કર્યો હતો. વિશ્વના અનેક દેશોએ કેન્યામાં થઈ રહેલા આ સંઘર્ષ વિશે ચિંતા વ્યક્ત કરતા લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે.

## *US-FLOODS*

અમેરિકાનાં ઉત્તર-મધ્ય ભાગમાં ભારે પૂરને કારણે ઓછામાં ઓછી બે વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને સેંકડો લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ગયા સપ્તાહથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે પૂર્વ નેબ્રાસ્કા અને દક્ષિણ ડાકોટાથી આયોવા અને મિન્નેસોટામાં પૂરનાં પાણી ફરી વળ્યા છે.

ગઈ કાલે આયોવા રાજ્યનાં ઉત્તર પશ્ચિમી ભાગમાં પુરનાં પાણી ફરી વળતા સ્થાનિક નિવાસીઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મિશિગન રાજ્યમાં

વાવાઝોડાંને કારણે એક લાખ  50 હજાર મકાનો અને વેપારી સંકુલોમાં અંધારપટ છવાઈ ગયો હતો. આ સપ્તાહે પુરની ચેતવણી યથાવત રહે તેવી સંભાવના છે.

અમેરિકન પ્રમુખ જો બાઇડેને આયોવામાં મોટી દુર્ઘટના સર્જાઈ હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી વાવાઝોડાં અને પુરથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવકાર્યનાં આદેશ આપ્યા હતા.

## *WEATHER*

ભારતીય હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, કચ્છ અને પશ્ચિમ મધ્યપ્રદેશના કેટલાક સ્થળમાં આજે અને આવતીકાલે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.  દરિયાકાંઠાના કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ઉત્તરી કર્ણાટકના આંતરિયાળ ભાગ, તેલંગાણા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, વિદર્ભ, પૂર્વ અને પશ્ચિમ મધ્યપ્રદેશ તેમજ છત્તીસગઢમાં શુક્રવાર સુધીમાં, જ્યારે ગુજરાતમાં 29 જૂન સુધી વરસાદની સંભાવના છે.

જ્યારે કોંકણ અને ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, કર્ણાટક, કેરળ અને લક્ષદ્વિપમાં આગામી પાંચ દિવસ દરમિયાન સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉપરાંત દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યનમ, રાયલસીમા, તેલંગાણા, તમિલનાડુ, પુદુચેરી અને કરાઈકલમાં આ સમયગાળા દરમિયાન સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, જમ્મુ વિભાગના કેટલાક સ્થળ, પંજાબ અને પશ્ચિમી રાજસ્થાનમાં આવતીકાલ સુધી ગરમી યથાવત્ રહેશે. દરમિયાન ગઈકાલે દિલ્હીમાં મહત્તમ તાપમાન લગભગ 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તેમ જ કેટલાક સ્થળ પર સામાન્ય વરસાદ વરસ્યો હતો. ઉત્તરપ્રદેશના ચંદોલીમાં પણ ગઈકાલે રાત્રે ભારે વરસાદ થતાં અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા.

## *T20 WORLD CUP*

આઇસીસી ટી-ટ્વેન્ટી વિશ્વકપની પ્રથમ સેમિફાઇનલમાં આવતીકાલે અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે.

આ મૈચ ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાશે. બીજી સેમિફાઇનલ મેચમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ શનિવારે બારબેડોસમાં ફાઇનલ મેચ રમાશે.